આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

આજે રાશિ કુંભ

આજના ગ્રહોની કુંડળી



બપોરે પોણા ચારે ચંદ્ર કુંભમાંથી મીન રાશિમાં પ્રવેશ કરે છે. આજે મહામહિનાની અમાસ છે. આજે ચાંડાલ યોગ - કાલસર્પ યોગ છે. ગ્રહણ યોગ પણ છે. જો જન્મના ગ્રહો બળવાન હશે તો...

મેષ અગિયારમે પાંચ ગ્રહોની યુતિ તેમજ ચાંડાલ યોગની પ્રતિયુતિ આપને આજે મિશ્રફળ અપાવે. બપોર પછીથી સારી અસર થાય - નાનો આર્થિક લાભ થાય - સંતાનો પાછળ ખર્ચ થાય.

વૃષભ આપની રાશિથી બધા જ ગ્રહો કેન્દ્રના બાકીના ત્રણ સ્થાનમાં આવી જતા હોઈ તેમજ તે બધા સ્થાનોમાં પાપગ્રહો આવી જતા હોઈ આજે આપને સાવચેતી રાખીને વર્તવાની જરૂર છે. નહીં તો નુકસાન થાય.

મિથુન ત્રીજે રાહુ - છઠ્ઠે શનિ મંગળની યુતિ શત્રુ વિજય યોગનું પરાક્રમ કરાવે - ભાગ્યમાં પાંચગ્રહોની યુતિ ભાગ્યોદય કરાવે. ત્રીજે ગુરુ સારું ફળ આપે. તંદુરસ્તી સારી રહે - દિવસ સારો જાય.

કર્ક આઠમે સૂર્ય કેતુની યુતિ સારી ગણાતી નથી - અંગારયોગ સમાન ગણાય છે પરંતુ સાથે ચંદ્ર બુધ - શુક્ર જેવા શુભગ્રહો હોઈ અંગારયોગની અસરો નાબૂદ કરે છે. દિવસ મિશ્રફળવાળો થાય.

સિંહ આપની રાશિમાં ચાંડાલ યોગ તેમજ કાલસર્પ યોગ તેમજ ગ્રહણયોગ થતો હોઈ આજે આપે આપના ઈષ્ટ દેવની મહાદેવની - ભક્તિ - પૂજા કરવી હિતાવહ છે જેથી આપને થતું નુકસાન અટકે.

કન્યા બારમા સ્થાનમાં ચાંડાલ યોગ આપનાથી કોઈ અઘટિત કાર્ય ન કરાવે તેનું ધ્યાન રાખશો. ત્રીજે મંગળ - શનિની યુતિ કોઈ ખોટું સાહસ ન કરાવે તેનું ધ્યાન રાખશો. સાવધાની રાખશો.

તુલા સંતાનોનું ભાવિ ઉજ્જવળ બને તેવા ત્રણ શુભ ગ્રહોના યુતિના યોગ પાંચમાં સ્થાનમાં હોઈ સંતાનોનું ભાવિ ઉજ્જવળ બનશે. તેઓની પ્રગતિ થશે - તેઓનું નામ ઉજ્જવળ બનશે.

વૃશ્ચિક રાશિમાં સ્વગ્રહી મંગળ આપના સ્વભાવને લડાયક બનાવે - શનિનું ડરપોકપણું દૂર કરે. ચોથે પાંચ ગ્રહોની યુતિ સારી છે - દસમે ચાંડાલ યોગ સૂર્યથી દ્રષ્ટ છે તેથી વાંધો નહીં આવે.

ધન બારમે શનિ મંગળની યુતિ તેમજ ત્રીજે સૂર્ય - રાહુની પ્રતિયુતિ આપના આજના દિવસને નુકસાનકર્તા છે - દિવસ સાધારણ જશે - સાવધાની રાખશો તો નુકસાન ઓછું થશે.

મકર અગિયારમે સ્વગૃહી મંગળ - શનિની યુતિ છે જે જમીન - મકાનના સોદામાં મહત્તમ લાભ અપાવે - શનિ ડરાવે પણ સાહસ કરશો તો ફાયદો થશે એ ચોક્કસ છે.

કુંભ રાશિમાં સૂર્યની સાથે ત્રણ શુભગ્રહોની યુતિ છે જે શુભ છે પરંતુ સૂર્ય સાથે હોઈ અસ્તના થાય તેથી અસરો ઓછી મળે. દિવસ ચોક્કસ સારો જશે.

મીન બારમે સૂર્ય ખર્ચા કરાવે - ચાંડાલ યોગની પ્રતિ યુતિ હોઈ ખોટા ખર્ચા વધુ કરાવે. નવમે સ્વગૃહી મંગળ જમીન - મકાનના સોદામાં પૈસા કમાવડાવે - દિવસ સારો જશે.

ભાજપ દ્વારા ગુજરાતભરમાં વિરાટ ખેડૂત રેલીઓ યોજાશે : રૂપાણી

૧૬ થી ૧૮ માર્ચ દરમ્યાન રાજ્યભરમાં ૮ વિરાટ ખેડૂત રેલી

ગાંધીનગર, તા. ૮

ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં જિલ્લા/મહાનગરના પ્રભારી, પ્રમુખ, કિસાન મોરચો, સહકારી આગેવાનોની મળેલી પ્રદેશ બેઠકમાં ગુજરાતભરમાં વિરાટ ખેડૂત રેલીઓ યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે શ્રી વિજયભાઈ રૂપાણી પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખીને આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારના લોકોનો સંપર્ક કરવાનો, પ્રત્યેક ગામ અને પ્રત્યેક મંડળીના લોકો સાથે સંપર્ક કરીને મોટી સંખ્યામાં વિરાટ ખેડૂત રેલીઓમાં આવે તેવા પ્રયત્નો કરવામાં આવશે.

વિરાટ ખેડૂત રેલીઓ અંગે જણાવ્યું હતું કે, તા. ૧૬ માર્ચના રોજ કચ્છ જિલ્લામાં તા. ૧૭ માર્ચના રોજ મધ્ય ગુજરાતમાં લુણાવાડા ખાતે, તા. ૧૮ માર્ચના રોજ ગાંધીનગર ખાતે, તા. ૨૫ માર્ચના રોજ ભાવનગર જિલ્લાના ઢસા ખાતે અને તે જ દિવસે બપોરે ૩.૦૦ કલાકે રાજકોટ ખાતે વિરોટ ખેડૂત રેલીઓ યોજાશે. તા. ૨૬ માર્ચના રોજ વડોદરા જિલ્લામાં, તા. ૨૭ માર્ચના રોજ દક્ષિણ ગુજરાતમાં અને તા. ૨૮ માર્ચના રોજ પાટણ, બનાસકાંઠા જિલ્લામાં વિરાટ ખેડૂત રેલીઓ યોજવામાં આવશે.

આ પ્રસંગે રાષ્ટ્રીય ઉપપ્રમુખ શ્રી સોમજી માથુરે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારનું બજેટ ગામ, ગરીબ અને ખેડૂતનું બજેટ છે. કેન્દ્ર સરકારના બજેટમાં અને ગુજરાત સરકારના બજેટમાં જે ખેડૂતલક્ષી યોજનાઓ તેમજ વડાપ્રધાન પાક વિમા યોજના વિગેરેની વિગતો બેઠકો કરીને ખેડૂતો સુધી લઈ જવાની છે.

કિસાન મોરચાના રાષ્ટ્રીય મહામંત્રી શ્રી ગોરધનભાઈ ઝડફીયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં ખેતી, ગામડુ અને ગરીબ ભુલાઈ ગયા હતા. વડાપ્રધાન પાક વિમા યોજના જાહેર કરીને દેશના ખેડૂતોને કુદરતી આપત્તિમાંથી બચાવવાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રેષ્ઠ નિર્ણય કર્યો છે. આ યોજનાને ખેડૂતો સુધી પહોંચાડવાની છે તે માટે ખેડૂત રેલીઓ યોજવામાં આવી રહી છે.

આ પ્રસંગે કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી બાબુભાઈ જેબલીયાએ ખેડૂત રેલીઓ યોજવાની છે તેના આયોજનની વિગતવાર ચર્ચા કરી હતી. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ શ્રી આર. સી. ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા, પ્રદેશ મહામંત્રી શ્રી કે.સી. પટેલ સહિત મોટી સંખ્યામાં ખેડૂત અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ મહિલા દિન નિમિત્તે મહિલાઓને ૧૮૧ હેલ્પલાઈનનું બટન દબાવતા જ તાત્કાલીક ૧૦૮ મદદ માટે પહોંચશે

અરવલ્લી જિલ્લામાં મહિલાઓને ઘરેલુ હિંસા, તદઉપરાંત મહિલાઓને નિશાન બનાવી કરવામાં આવતી છેડતી, રોમિયો દ્વારા થતી પજવણી અને શારીરિક હૂમલાઓમાં મહિલાઓની સલામતી માટે અને સંકટના સમયે મદદરૂપ થનાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સનું સંચાલન કરતી જી.વી.કે. ઈ.એમ.આર.આઈ. દ્વારા વિશ્વ મહિલા દિન નિમિત્તે અરવલ્લી જિલ્લા પોલીસવડાની હાજરીમાં મોબાઈલ એપ્લીકેશન ૧૮૧ લોન્ચ કરવામાં આવી હતી. ૧૮૧ એપ્લીકેશન લોન્ચીંગ પ્રસંગે ઉપસ્થિત ૧૮૧ના અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્માર્ટફોન વાપરતી મહિલાઓએ આ એપ્લીકેશન પ્લેસ્ટોર્સમાં જઈને ડાઉનલોડ કરી ૧૮૧ હેલ્પલાઈનમાં જે તે નંબરથી રજીસ્ટ્રેશન કરવાની સાથે તેમના પતિ કે પિતા કે અંગત એક વ્યક્તિનો અન્ય મોબાઈલ નંબર રજીસ્ટ્રેશન કરાવી આ સુવિધાનો લાભ લઈ શકે છે. મહિલા પર આવી ચડેલી આકસ્મિક મુસીબતના સમયે મહિલાએ તેના મોબાઈલમાં રહેલી ૧૮૧ એપ્લીકેશનને ટચ કરતાં જ મહિલાનો મેસેજ હેલ્પલાઈન સેન્ટરમાં પહોંચી જશે. જો મહિલા બોલી શકવા સક્ષમ હશે તો સ્થળનું નામ જણાવતા જ રેસ્ક્યુવાન અને તેમની ટીમ તરત જ મદદ માટે પહોંચી જશે. પરંતુ મહિલા બોલી શકવા અસમર્થ હશે તો ૧૮૧ હેલ્પલાઈન સેન્ટર દ્વારા મહિલાના મોબાઈલનું જી.પી.એસ. દ્વારા લોકેશન જાણી તરત જ મદદ માટે દોડી જશે. અરવલ્લીની મહિલાઓએ સુરક્ષીત બનવા ફક્ત ૧૮૧ મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરી નિર્ભય બની શકશે.

સોનાસણ પાસે ટેમ્પાની ટક્કરથી ઈન્ડિકા કારના ચાલકનું મોત

હિંમતનગર તાલુકાના ગાંભોઈ નજીકના સોનાસણ ગામ પાસેના માર્ગ પરથી ગુરૂવારે રાત્રે બેફામ ગતિએ આવતા ટેમ્પાના ચાલકે ઈન્ડિકા કારને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કાર ચાલકનું ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નિપજયું હતું. જયારે અન્ય એક ઈસમને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો. અકસ્માત સર્જનાર ટેમ્પો ચાલક બાદમાં ઘટના સ્થળેથી વાહન મૂકી નાસી છુટયો હતો. જીવલેણ અકસ્માતની ઘટના અંગે પ્રાઙ વિગત અનુસાર ગુરૂવારે રાત્રિના સુમારે ભિલોડાના ગોવિંદનગરમાં રહેતા રમેશભાઈ નાનજીભાઈ થોરી ટેમ્પો નં.જીજે.૦૯.એવી.૩૬૧૯ ને બેફામ ગતિએ હંકારી સોનાસણ ગામ પાસેના માર્ગ પરથી પસાર થતી વેળાએ ઈન્ડિકા કાર નં.જીજે.૧.એચઆર.૨૩૮૧ ને ધડાકાભેર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનામાં ઈન્ડિકા કારના ચાલક સુરેશભાઈ નારાયણભાઈ બોડાતને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોત નિપજયુ હતું.

ટેક્સ પરત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને કર્મચારી સંગઠનોમાં ભારે નારાજગી જોવા મળી રહી હતી. આ અગાઉ ઈપીએફ ઉપાડ પર કરવેરા લાગુ કરવાના ચારેબાજુ વિરોધ કરવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આની નોંધ લીધીહતી. સાથે સાથે દરમિયાનગીરી કરી હતી. ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા જેટલીએ એ વખતે કહ્યુ હતુ કે તેઓ સંસદમાં બજેટ પર ચર્ચાનો જવાબ આપતી વેળા આ મમાલે અંતિમ નિર્ણય અંગે માહિતી આપશે. મોદીએ પણ નિર્ણય પર ફેરવિચારણા કરવા માટે કહ્યુ હતુ.

ફાઈટલ પાયલોટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે જ આગળ વધશે. પાસિંગ આઉટ પરેડ કાર્યક્રમ ૧૮મી જુનના દિવસે યોજવામાં આવનાર છે. તેમણે દાવો કર્યો હતો કે આ દિવસે તમામ ત્રણેય ટ્રેનીને કમીશન્ડ કરવામાં આવશે. આની સાથે જ ફાઈટર પ્રવાહમાં પ્રથમ મહિલા ઓફિસર બની જશે. રહાએ કહ્યુ હતુ કે તેમને એડવાન્સ જેટ ટ્રેનિંગ પણ આપવામાં આવનાર છે. ત્યારબાદ મોડેથી રેગ્યુલર સ્કોવોર્ડમાં સામેલ કરી લેવામાં આવશે. તેમણે કહ્યુ હતુ કે સંરક્ષણ પ્રધાન ફાઈટર પાઈલોટ તરીકે મહિલાઓને સામેલ કરવાની આઈએએફની દરખાસ્તને મંજુરી આપી દેશે તેવી અમને આશા છે. નવી દિલ્હીમાં આર્મી મેડિકલ કોર્પ્સમાં એક સેમિનારમાં વાત કરતા તેમણે આ મુજબ કહ્યુ હતુ. આઈએએફના વડાએ કહ્યુ હતુ કે એએમસી સંરક્ષણ દળમાં સેવા કરવા માટે મહિલાઓને તક પુરી પાડે છે. એક વખતે ફાઈટર પાઈલોટ તરીકે મહિલા આવી ગયા બાદ મહિલાઓને પણ તેમની સ્થિતી અને કુશળતા સાબિત કરવાની વધારે તક મળશે.

ફિલ્મ મહોત્સવ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે. તા. ૯ અને ૧૦ માર્ચ દરમ્યાન જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨ના ગિજુભાઈ બધેકા ઓડિટોરીયમમાં સવારે ૧૦.૩૦ થી ઈનોવેશન પ્રેઝન્ટેશન યોજાશે. ૩૫ જેટલા શિક્ષકોએ શૈક્ષણિક પ્રક્રિયામાં નવા સંશોધનો-પ્રયોગો કર્યા છે. ૧ હજારથી વધુ શિક્ષકો આ પ્રેઝન્ટેશન નિહાળશે.

ગાંધીનગર શહેર અને જિલ્લાના ૩૫ શિક્ષકોએ શૈક્ષણિક પ્રક્રિયામાં નવા પ્રયોગો અને સંશોધનો કર્યા છે. તેમના ઈનોવેશનનું પ્રેઝન્ટેશન પણ તા. ૯ અને ૧૦ માર્ચ દરમિયાન જી.સી.ઈ.આર.ટી., સેક્ટર-૧૨ના ડૉ. અબ્દુલ કલામ પ્રદર્શન કક્ષમાં ૩૫ જેટલા સ્ટોલ્સ દ્વારા પ્રદર્શિત કરાશે. લગભગ ૧ હજારથી વધુ શિક્ષકો આ અદ્‌ભુત પ્રદર્શન નિહાળીને નવા જ્ઞાનનો લાભ લેશે.

બાળ ફિલ્મ મહોત્સવ અંતર્ગત તા. ૯ અને ૧૦ માર્ચ દરમિયાન વિશેષ કેરેવાન દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લાના ૧૫ જેટલા જાહેર સ્થળોએ શ્રેષ્ઠ બાળ ફિલ્મોનું નિદર્શન યોજાશે. સાંજે ૭ વાગ્યે પસંદગીના જાહેર સ્થળોએ બાળફિલ્મો દર્શાવાશે. એટલું જ નહિ જિલ્લાની પ્રત્યેક પ્રાથમિક શાળામાં દરરોજ બે બાળ ફિલ્મ દર્શાવાશે. બાયસેગ દ્વારા સવારે ૮.૩૦ વાગ્યાથી બાળ ફિલ્મોનું પ્રસારણ કરાશે. લગભગ ૫૦ હજાર જેટલા બાળકો-વિદ્યાર્થીઓ આ મહોત્સવનો લાભ લેશે.

૧૧મી માર્ચે જી.સી.ઈ.આર.ટી., સે. ૧૨ના ગિજુભાઈ બધેકા ઓડિટોરીયમમાં બાળ ફિલ્મ મહોત્સવ અને એજ્યુકેશનલ ઈનોવેશન ફેરનું સમાપન થશે. આ પ્રસંગે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. કે.એસ. લિખીયા, જાણીતા કેળવણીકાર અને લેખક હરેશ ધોળકીયા અને પ્રાથમિક શિક્ષણના પૂર્વ નિયામક આર.સી. રાવલ ઉપસ્થિત રહેશે.

બોર્ડ પરીક્ષા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ચૌધરી કન્યા વિદ્યાલયમાં પણ મંત્રી વસુબેન ત્રિવેદી તેમજ સેન્ટ ઝેવિયર્સમાં રમત ગમત મંત્રી નાનુભાઈ વાનાણીએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. પરિક્ષાના પ્રારંભે જિલ્લા શિક્ષણાધિકારી એમ એસ બારડ કડી સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ તેમજ શિક્ષણતંત્રના અધિકારીઓ પણ સતત હાજર રહી સ્થિતિનુ નિરિક્ષણ કર્યુ હતુ. ધોરણ-૧૦માં જિલ્લામાંથી નોંધાયેલા ૨૫૬૬૧ વિદ્યાર્થીઓ પૈકી ૨૫૨૧૯ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જયારે ૪૬૨ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ધોરણ -૧૦માં ગુજરાતી વિષયનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હાંશકારો પ્રવર્તયો હતો.ગુજરાતીનુ પેપર પુસ્તક આધારિત અને સમયમર્યાદામાં પુર્ણ થઈ જાય તેવુ હતુ. પ્રશ્નપેપરમાં ત્રણ ચાર એમ સી ક્યુના બાદ કરતા બધા પ્રશ્નો સરળ હતા. જયારે વિભાગ બ માં દક્ષિણ ભારતના પ્રવાસ અંગે પત્ર લેખન પુછાયુ હતુ. જયારે ભારે વરસાદના લીધે નુકશાન અંગે અહેવાલ લેખન પુછવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત સ્વચ્છતા ત્યાં પ્રભુતા ,ભ્રષ્ટાચાર, તેમજ જો હુ વડાપ્રધાન હોઉં તો જેવા રસપ્રદ વિષય અંગે નિબંધ પુછવામાં આવ્યો હતો. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે પણ અંગ્રેજીનુ પેપર સરળ રહયુ હતુ.જયારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાંથી ૫૬૩૪ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી. જો કે ભૌતિક શાસ્ત્રનુ પેપર સરળ રહયુ હતુ.વિષય નિષ્ણાંત બલવંત સિહ રાજપુત તેમજ જિજ્ઞેશ પટેલે જણાંવ્યુ હતુ કે ત્રણ દાખલામાં આંકડા બદલાયા હતા. થિયરીની ઓપ્શનમાં દાખલા પુછાતા મોજ પડી હતી.ફિઝિક્સનુ પેપેર પાઠય પુસ્તક આધારીત તેમજ અત્યંત સરળ હોવાથી વિદ્યાર્થીઓ ખુશહાલ જોવા મળ્યા હતા. જયારે સામાન્ય પ્રવાહમાં ૬૪૨૯ વિદ્યાર્થીઓએ નામાના મુળ તત્વો વિષયની પરિક્ષા આપી હતી જેમાં ૬૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. જિલ્લામાં ધોરણ-૧૦ અને ૧૨ ની પરિક્ષાનો શાંતિપુર્ણ માહોલમાં પ્રારંભ થયો હતો. પરિક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હતો.

વિચારોના મધુવનમાં

● ૪ પાનાનું ચાલુ...

પણ પોતાની જ પળોજણ અને દુઃખોમાં વ્યસ્ત હોય છે. ગરીબ હોય કે તવંગર મોટાં ભાગના માબાપ પોતાની અંગત ચિંતાઓ અને મહત્વકાંક્ષાઓમાં જ રચ્યાંપચ્યાં રહેતાં હોય છે,પરિણામે આજે સામાજિક અને નૈતિક સ્તરે માનવજાતનું જે પતન થઈ રહ્યું છે તેની તેમને કંઈ પડી હોતી નથી. તેમને તો તેમનાં બાળકો ભવિષ્ય માટે ઊંચી ડીગ્રીઓ મેળવે, સારે ઘરે પરણી જાય એની જ ચિંતા હોય છે. જો ખરેખર પોતાના બાળકોને ચાહતાં હોય તો તો વિશ્વભાવના પર ભાર મૂકવાને બદલે કુટુંબભાવનાને મહત્વ ન આપત, એ ભાવના જ માણસ-માણસ વચ્ચે સામજિક ભેદભાવો જન્માવી વિગ્રહ તેમજ ભૂખમરો લાવે છે... એ લોકો હકીકતમાં બાળકો અને તેમના ભવિષ્ય બન્નેનો વિનાશ કરે છે. આમ, કૃષ્ણમૂર્તિ માબાપને પ્રજ્ઞાશીલ, ભયરહીત અને સ્વતંત્ર વિચાર ધરાવનાર વ્યક્તિ બનીને પોતાનાં બાળકોને ભયમુક્ત બનવામાં સહાયક થવાની સલાહ આપે છે. શિક્ષણ અને બાળકોના વિકાસ દ્વારા જગતને બદલવાના મુદ્દામાં ખરો પ્રશ્ન બાળક નથી પણ મા-બાપ અને શિક્ષક છે'.

વાઈરલ ફિવર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી આવ્યા છે. તંત્ર દ્વારા આ માટેની કામગીરી શરૂ કરી દેવા માટેનું આયોજન પણ તૈયાર થઈ ગયું છે.

આરોગ્યતંત્ર દ્વારા પાણી ઉકાળીને પીવાની સલાહ પણ આપવામાં આવી રહી છે. લગ્નસરાની મોસમમાં જંકફુડની બોલબાલા અને કોલ્ડ સ્વીટ્સ આરોગવાને પગલે પેટમાં દુઃખાવાની ફરિયાદો પણ વધવા પામી છે.

શહેરમાં હાલ લગભગ દરેક સેક્ટરમાં ઘેર ઘેર વાઈરલ ફિવરના દર્દીઓ જોવા મળી રહ્યા છે.

બજેટ બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલીક નવી જોગવાઈઓ કરવા માટે પણ આગ્રહ કર્યો છે. ખાસ કરીને વ્યસનમુક્ત સમાજ રચના માટે જોગવાઈ કરવા વિશેષ આગ્રહ કર્યો હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ જિલ્લા પંચાયતમાં સમિતિઓમાં થયેલા બળવાને ધ્યાને રાખી પ્રમુખ વિરોધી જૂથે પણ તેનું દબાણ તેમના પર વધાર્યું છે અને જરૂર પડ્યે બજેટ મંજૂર નહિ કરીએ તેવી ચીમકી પણ આપી હોવાથી હવે બજેટ ૩૧ માર્ચ પહેલાં પસાર થાય છે કે નહિ તેના પર સૌની મીટ મંડાઈ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે શ્રી રામાજી ઠાકોર પોતાનું પહેલુ બજેટ રજુ કરવાના હોઈ તેમણે વ્યક્તીગત રીતે પણ તૈયારીઓ આરંભી દીધી છે.

જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે પુનઃ સત્તા સંભાળ્યા બાદ પ્રથમ બજેટ પૂર્વે જ પક્ષમાં ઉભી થયેલી ઉકળતા ચરૂની સ્થિતિને પગલે રાજકીય ઉત્તેજનાનો માહોલ પંચાયતના વર્તુળોમાં જોવા મળી રહ્યો છે.

વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વધારાના માળના બાંધકામ માટે રૂ. ૩ કરોડની રકમ મંજૂર કરવામાં આવી છે. આ માટેની વહીવટીય પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ બાંધકામનું કામ હાથ ધરવામાં આવશે તેમ પણ રાજ્યમંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● જિલ્લામાં આવેલ હોસ્ટેલ

કોંગીના શ્રી અમીતભાઈ ચૌધરીએ તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેના છાત્રાલયો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં કુલ ૩૮ છાત્રાલયો આવેલા છે.

ગાંધીનગરમાં ૧૬, માણસામાં ૫, કલોલમાં ૪ અને દહેગામમાં ૧૩ છાત્રાલયો સા. અને શૈ. રીતે પછાત વર્ગના ચાલે છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ છાત્રાલયોમાં ૨૧૧૪ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. જેમાં ગાંધીનગરમાં ૮૯૬, માણસામાં ૩૧૦, કલોલમાં ૧૭૩ અને દહેગામમાં ૭૩૫ વિદ્યાર્થીઓ છે.

● શ્રમકાયદા ભંગની ફરિયાદો

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદા ભંગની નોંદાયેલ ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં ૧૯૯ એકમો સામે આવી ફરિયાદો નોંધાઈ છે.

જેમાં કલોલના ૧૧૨ ઔદ્યોગિક એકમો, ગાંધીનગરના ૨૯, માણસાના ૧૩ અને દહેગામના ૪૫ એકમોનો સમાવેશ થાય છે.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે બાળમજુરોને કામે રાખવા અંગેની ફરિયાદ કલોલ તાલુકામાંથી મળી હતી. જે અંગે સ્કવોર્ડ મારફતે તપાસ કરતાં કોઈ બાળશ્રમિક મળેલ નથી.

મંત્રીશ્રીએ સભ્યશ્રીના અન્ય એક પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતુ કે લઘુત્તમ વેતન ધારા ભંગની ફરિયાદો છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકામાંથી ૧૨ મળી છે.

● અને છેલ્લે...

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પાણી પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં નર્મદા આધારિત પીવાનું પાણી પુરૂ પાડવા માટેની કોઈ યોજનાના કામો હાથ ધરવામાં આવ્યા નથી.

જાહેરાત-૦૨/૨૦૧૬

ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, બ્લોક નં. ૧૧/૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગરમાં જુદી જુદી કામગીરી માટે મેનપાવર પુરા પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો, સીલબંધ કવરમાં ફક્ત રજી.પોસ્ટ એ.ડી. મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક વચ્ચે તા. ૧૮/૩/૨૦૧૬ સુધીમાં ઉપરોક્ત સરનામેથી 'ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી'ના નામનો રૂ. ૧૦૦૦/-નો ડીમાન્ડ ડ્રાફ્ટ (પરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફી ની ચુકવણી કર્યેથી રૂબરૂમાં મેળવી શકાશે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીને રહેશે. ટેન્ડહર ભરનારને કચેરીના વખતોવખતના હુકમો બંધનકર્તા રહેશે. ટેન્ડર ફોર્મ ઉપરોક્ત અધિકારીને રજી. પોસ્ટ એ.ડી. થી તા. ૨૮/૩/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

તા. ૮/૩/૨૦૧૬
સ્થળ : ગાંધીનગર
માહિતી/૨૭૫૮/૨૦૧૫-૧૬

મુખ્ય કારોબારી અધિકારી
ડીએસઆઈઆરડીએ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૧૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ